BRAMPTON

**Media Release**

ત્વરિત જાહેરાત માટે

# અશ્વેત અને આદિજાતિના યુવાનો માટે નવી મંચ કલા ઈન્ટર્નશીપ અને સહકાર કાર્યક્રમ (Black and Indigenous Youth Internship and Co-Op Program for the Performing Arts)નું સિટી ઓફ બ્રૅમ્પટન દ્વારા લોકાર્પણ

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (31 મે 2021) – શનિવાર, જુન 5 ના રોજ સિટી ઓફ બ્રૅમ્પટન મંચ કલાના અશ્વેત અને આદિજાતિના યુવાનો અને યુવતીઓ માટે નવો ઈન્ટર્નશીપ અને સહકાર કાર્યક્રમનું લોકાર્પણ કરશે જે કૅનેડામાં આ પ્રકારનો સહુ પ્રથમ કાર્યક્રમ બની રહેશે.

જેની રચના અશ્વેત અને આદિજાતિના વિદ્યાર્થીઓ દ્વારા અને તેઓને માટે થઈ છે, આ પ્રોગ્રામનો વિકાસ એટલા માટે થયો કે અશ્વેત અને આદિજાતિના યુવાનોને વધાવી શકાય અને તેઓનો વિકાસ થઈ શકે, તેમની સાંસ્કૃતિક સમજણ વધારી શકાય, વ્યવસાયિક વિકાસની તકો પૂરી પાડી શકાય, અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નેતૃત્વના હોદ્દાઓ તેમજ જીવંત મંચ કલાના ઉદ્યોગની કારકિર્દી માટે તૈયાર કરી શકાય.

સમાનતા અને સામાજિક પ્રભાવ અંગે પગલાં લેવાની જરૂરિયાતને જોતા, પ્રોગ્રામ એવા અંતરાયો દૂર કરશે જે અશ્વેત અને આદિજાતિના યુવાનો કલાની તાલીમ અને તકો મેળવવામાં અનુભવે છે. પ્રોગ્રામને અલગોમા યુનિવર્સિટી (Algoma University)નું સમર્થન પ્રાપ્ત છે અને તેનું વ્યવસ્થાપન સ્થાનિક સ્કૂલ બોર્ડ સાથેના સંકલન જોડે સિટી ઓફ બ્રૅમ્પ્ટન દ્વારા કરાશે.

છેલ્લા ત્રણ માસમાં પાંચ વિદ્યાર્થીઓના પ્રથમ જથ્થા સાથે પાયલટ પ્રોગ્રામની શરૂઆત થઈ જેમાં અગ્રણી માર્ગદર્શકો અને સમાજના સભ્યો, કૅમેરન ગ્રાન્ટ, એન્જેલા બોયર, ડેનિએલ આર વૉલ્ટર્સ તેમજ સિટીના મંચકલાના કર્મચારીઓ સમાયેલા હતાં. આવતા ઘણાં વર્ષો માટેના એક માળખાની રચના કરવા માટે આખી ટીમે આ વર્ચુઅલ પાયલટ પ્રોજેક્ટ પર કામ કર્યું હતું.

શનિવાર, જુન 5 ના રોજ બપોરે 1 વાગ્યે 2021 પાયલટ પ્રોગ્રામ અંગેની વર્ચુઅલ રજૂઆતમાં હાજરી આપો, પ્રોગ્રામ રચયિતાની ભૂમિકામાં વિદ્યાર્થીઓ, અને કેવી રીતે તેમાં ભાગ લેવો તે માટે therosebrampton.caની મુલાકાત લેશો.

2022 માં એક ચૂકવણીપાત્ર ઈન્ટર્નશીપની જગ્યા, યુનિવર્સિટી અને કૉલેજના અરજદારો માટે ખુલ્લી રહેશે, અને ચાર કો-ઓપ જગ્યાઓ, જે હાઈ સ્કૂલના અરજદારો માટે ખુલ્લી રહેશે જે પ્રોગ્રામ મારફત ઉપલબ્ધ રહેશે. સિટી ઓફ બ્રૅમ્પટનની ઈન્ટર્નશીપ કો-ઓપ પ્રોગ્રામ શહેરના વૈવિધ્ય અને સમાવેશિતાના વ્યુહ સાથે સંરેખિત થવાના આશયથી બનાવવામાં આવ્યો છે જેથી વૈવિધ્ય ધરાવતા કાર્યબળનો વિકાસ કરવા અને આકર્ષવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય જેથી સમાજને પ્રતિબિંબિત કરી શકાય.

BRAMPTON

**Media Release**

**બ્રૅમ્પટનના બહુરંગી સાથિયાની વધામણી**

બ્રૅમ્પટન કૅનેડાનું સૌથી યુવાન શહેર પૈકી એક છે જેમાં 130,600 કરતા વધુ યુવાનો 14 થી 29 વચ્ચેની વયના છે. આ વર્ષે, બ્રૅમ્પ્ટનને યુવા લોકોને કામ કરવા માટેના શ્રેષ્ઠ શહેરો પૈકી એક તરીકે RBC દ્વારા નવાજવામાં આવ્યું છે જ્યાં અગ્રેસર શહેરી અર્થતંત્રની 27 શહેરોની યાદીમાં તેનો નંબર 18મો છે.

માર્ચ 2020માં, પ્લે વર્ક્સ (Play Works) દ્વારા સિટી ઓફ઼ બ્રૅમ્પટનને યુથ ફ્રેન્ડલી કમ્યુનિટી ડેઝિગ્નેશન (Youth Friendly Community Designation) પ્રાપ્ત થયું જે પાર્ક્સ એન્ડ રિક્રિએશન ઓન્ટારિયો દ્વારા સહાય મેળવતો કાર્યક્રમ છે. આવું ત્રીજી વખત બન્યું છે કે સિટી ઓફ઼ બ્રૅમ્પટનને તેમના સામાજિક ભાગીદારોને યુવાઓ માટેની વિકાસ અને વૃદ્દિધની તકો માટેની અતુલનીય પ્રતિબદ્ધતા રાખવા બદ્લ નવાજવામાં આવ્યા છે.

કાર્યસ્થળ અને સમુદાયમાં અવરોધો ઓળખવા અને દૂર કરવા માટે, બ્રૅમ્પટન સિટી કાઉન્સિલે ડિસેમ્બર 2020માં Equity Office એટલેકે સમાનતા કચેરીની સ્થાપના કરી હતી જેનું કામ તમામ લોકો સાથે ન્યાયી અને યોગ્ય વ્યવહાર સુનિશ્ચિત કરવાનું અને રહેવાસીઓ માટે સુમેળભર્યા વાતાવરણને પ્રોત્સાહિત કરવાનું છે. જુન 2020માં સિટી ઓફ઼ બ્રૅમ્પટને તેમની સહુ પ્રથમ અશ્વેત આફ્રિકન અને કેરિબિઅન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સશક્તિકરણ અને અશ્વેત રંગભેદ વિરોધી રંગભેદ યુનિટનું લોકાર્પણ કર્યું હતું જેથી એન્ટી બ્લેક જાતિવાદ સામે અર્થપૂર્ણ પગલાં લઈ શકાય અને લોકોને સફ઼ળ અને ઉત્પાદનક્ષમ બનવા માટે સશક્ત બનાવી શકાય.

**સુવાક્યો**

"બ્રૅમ્પટનને અશ્વેત અને આદિજાતિના યુવાનો અને યુવતીઓ માટેના મંચ કલાના નવા ઈન્ટર્નશીપ અને સહકાર કાર્યક્રમ (Black and Indigenous Youth Internship and Co-Op Program for the Performing Arts)ને સમર્થન આપતાં ગૌરવની લાગણી થાય છે. આ પ્રોગ્રામનો વિકાસ એટલા માટે થયો કે અશ્વેત અને આદિજાતિના યુવાનોને વધાવી શકાય અને તેઓનો વિકાસ થઈ શકે, તેમની સાંસ્કૃતિક સમજણ વધારી શકાય, વ્યવસાયિક વિકાસની તકો પૂરી પાડી શકાય, અને વિદ્યાર્થીઓને ભવિષ્યમાં નેતૃત્વના હોદ્દાઓ તેમજ જીવંત મંચ કલાના ઉદ્યોગની કારકિર્દી માટે તૈયાર કરી શકાય."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

“સિટી ઓફ઼ બ્રૅમ્પટન યુવાવર્ગની માંગ અને જરૂરિયાતોને અગ્રિમતા આપવા પ્રતિબદ્ધ છીએ અને આપણા યુવાન લોકો પર પગલાં લઈને રોકાણ કરવાના મૂલ્યની અગત્યતાને ઓળખે છે. ઈન્ટર્નશિપ અને કો-ઓપ પ્રોગ્રામ્સ યુવાનો માટે અત્યંત લાભદાયી નીવડે છે અને મને જણાવતા ગૌરવની લાગણી થાય છે કે બ્રૅમ્પટન કૅનેડાનું પ્રથમ શહેર છે જેઓ આ પ્રોગ્રામ પર્ફોર્મિંગ આર્ટ્સમાં અશ્વેત અને આદિજાતિના યુવાવર્ગને ઓફ઼ર કરી રહ્યા છે.

- *રોવેના સાન્તોસ, રીજનલ કાઉન્સિલર ;, વૉર્ડ 1અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસિસ, સિટી ઓફ઼ બ્રૅમ્પટન*

"વિશિષ્ટપણે અશ્વેત અને આદિજાતિના યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને સિટી ઓફ બ્રૅમ્પટન સમાનતા અને સામાજિક પ્રભાવ પર થયેલ કાર્યની અગત્યતા, અને અશ્વેત અને આદિજાતિના યુવાનો કલાની તાલીમ અને તકો મેળવવામાં અનુભવે છે તેવા અંતરાયો દૂર કરવાના મહત્ત્વને સમજે છે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

"આર્થિક સશક્તિકરણ અને અશ્વેત રંગભેદ વિરોધી જાતિવાદ યુનિટના અનેક લક્ષ્યો પૈકી એક તે છે કે અશ્વેત અને આદિજાતિના યુવાનોની સિદ્ધિ માટે તકોનો વિકાસ કરવો અને તેને ઓળખવી. તે અતિ મહત્ત્વપૂર્ણ છે કે યુવાવર્ગને નેતૃત્વ લેવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ અને આ અજબ પ્રોગ્રામ બસ આ જ કાર્ય કરે છે, કેમકે તે વ્યક્તિગત અને વ્યવસાયિક વિકાસની તકોને પ્રેરિત કરે છે. લાઈવ પર્ફોર્મિંગ આર્ટ્સના ઉદ્યોગમાં તેઓ કંઈક નોંધપાત્ર કાર્ય કરી શકે તેની સંભાવનાઓથી હું ઉત્તેજીત છું અને આ સંભવ બનાવવામાં મદદરૂપ થવા માટે અલગોમા યુનિવર્સિટીનો આભારી છું."

- *ગ્વિનેથ ચેપમેન (Gwyneth Chapman), વરિષ્ઠ સલાહકાર, બ્રૅમ્પટનની અશ્વેત આફ્રિકન અને કેરિબિઅન સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સશક્તિકરણ અને અશ્વેત જાતિવાદ વિરોધી જાતિવાદ યુનિટ;* સિટી ઓફ બ્રૅમ્પટન

"અમારી પર્ફોર્મિંગ આર્ટ્સની ટીમમાં કો-ઓપ વિદ્યાર્થીઓ અને ઇન્ટર્નશીપ કરતા લોકોને આવકારવા તે અશ્વેત અને આદિજાતિના યુવાનોને આપણા સમાજમાં વધુ ટેકો આપવાની જોરદાર તક છે એમ હું માનું છું. અમને આશા છે કે આ પ્રોગ્રામમાં સહભાગી થનાર વિદ્યાર્થીઓ પર્ફોર્મિંગ આર્ટ્સમાં રહેલ કારકિર્દીઓ શોધશે અને તેમના પોતાના કંઇક શીખવાના લક્ષ્યો તરફ કાર્ય કરશે અને એવી નવીન પહેલોનું સર્જન કરશે જે બ્રૅમ્પટનમાં રહેલ યુવાનોને પ્રસિદ્ધિ અપાવશે અને તેમની ઉન્નતિ કરશે.

- *સ્ટિવન સ્કિપર (Steven Schipper), એક્ઝિક્યુટિવ આર્ટિસ્ટિક ડાયરેક્ટર, પર્ફોર્મિંગ આર્ટ્સ, સિટી ઓફ બ્રૅમ્પટન*

"આવી મહત્ત્વપૂર્ણ પહેલનો ભાગ બનવાની તક મળી કે તરત અમે તેને ઝંપલાવી લીધી. સિટી ઓફ બ્રૅમ્પટનના પર્ફોર્મિંગ આર્ટ્સ કો-ઓપ ઇન્ટર્નશીપ પ્રોગ્રામ વિદ્યાર્થીઓને મહત્ત્વપૂર્ણ વ્યવહારિક અને જ્ઞાનાત્મક કૌશલ્યોનો વિકાસ કરવા માટેની જોરદાર તક પૂરી પાડશે જેથી યુવાનો ભવિષ્યના વર્ષોમાં કારકિર્દી માટે તૈયાર થાય તે માટેનો પાયો પાકો કરશે. અમે આવી કોઈ વસ્તુના ભાગ બનીને અતિશય રોમાંચિત છીએ જે સમાવેશિતા, વૈવિધ્ય અને આપણા સમાજમાં એક બીજાની સંસ્કૃતિઓ વિશ જાણકારીની આપ લે તેમજ અનુભવોનું આદાન પ્રદાન કરવાને પ્રોત્સાહિત કરતી હોય. અમે આ પ્રોગ્રામને સમર્થન આપી શક્યા છીએ તેનું અમને ગૌરવ છે તેમજ સનમાનિત થયા હોવાની લાગણી અનુભવીએ છીએ અને અમે બ્રૅમ્પટનમાં છીએ તેનો આનંદ છે કે બ્રૅમ્પટનના વિકાસમાં અમારો ફાળો છે અને યુવાનોને તેમના શિક્ષણના પ્રવાસના તમામ ચરણોમાં તેમને મદદરૂપ થઈ રહ્યા છીએ.

- ક્રેગ ફાઉલર (*Craig Fowler), ઉપ-અધ્યક્ષ, વિકાસ, ઈનોવેશન અને બાહ્ય સંબંધો, અલગોમા યુનિવર્સિટી*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

BRAMPTON

# Media Release

**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સિટી ઓફ઼ બ્રૅમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca